## પારડી તાલુકાના કોલકના ઠગ વિમલ પટેલ સામે વધુ એક ગુનો

**જમીનના** ખોટા સોદા બતાવી વાપીના વેપારી સાથે ૫૦ લાખની ઠેકડી

**વેપારી** સાથે છેતરપિંડીના બે દિવસમાં જ પલસાણા, અબ્રામા અને પારડીની જમીનના નામે લાખો પડાવ્યા

પારડી : પારડી તાલુકાના કોલક ગામે રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા વેપારી રોહનભાઈ કેણી સાથે રૂપિયા ૧૨.૪૪ લાખની છેતરપિંડીનો ગુનો કલસરના વિમલ સુમન પટેલ વિરુદ્ધ નોંધાયા બાદ, માત્ર બે જ દિવસમાં તેની સામે વાપીના અન્ય એક વેપારી સાથે જમીનના સોદામાં ૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી કર્યાનો વધુ એક ગંભીર ગુનો નોંધાયો છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, નવેમ્બર ૨૦૨૪ દરમિયાન અશોકભાઈના મિત્ર કમલેશ પટેલે પલસાણા, અબ્રામા અને પારડીમાં સસ્તા ભાવે મોકાની જમીનો વેચાણ માટે ઉપલબ્ધ હોવાની માહિતી આપી હતી. ત્યારબાદ કમલેશ પટેલે અશોકભાઈની મુલાકાત પલસાણાના વિમલ સુમનભાઈ પટેલ સાથે કરાવી હતી. વિમલે પોતાના મોબાઇલમાં જમીનમાલિક સાથેના વેચાણ કરારના ફોટા બતાવી જમીન પર પોતાનો કબજો હોવાનું જણાવી વિશ્વાસ કેળવ્યો હતો. આ પ્રકારે પલસાણા, અબ્રામા અને પારડીની કરોડો રૂપિયાની જમીનોના સોદા નક્કી કરવામાં આવ્યા હતા.

દસ્તાવેજો બાકી હોવાનું જણાવી વિમલ પટેલે અશોકભાઈ સાથે ભાગીદારીનો કરાર કર્યો હતો અને જમીન સીધી નામે કરાવી આપવાની ખાતરી આપી હતી.

આ વિશ્વાસને આધારે અશોકભાઈએ ૫ નવેમ્બર ૨૦૨૪ના રોજ રૂ. ૨ લાખ અને ૧૧ નવેમ્બરે રૂ. ૫ લાખ બેંક ખાતામાંથી IMPS દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ૬ ડિસેમ્બરે રૂ. ૮ લાખ રોકડ આપવામાં આવ્યા હતા.

૨૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ પારડી મામલતદાર કચેરી નજીક આવેલી નોટરીની ઓફિસમાં અરસપરસ ભાગીદારીનો કરાર કરવામાં આવ્યો હતો. આ જ દિવસે વધુ રૂ. ૬ લાખ ઓનલાઈન અને રૂ. ૨૫ લાખ રોકડ મળી કુલ રૂ. ૫૦ લાખ અલગ-અલગ તબક્કે ચૂકવવામાં આવ્યા હતા.

## નીરા-તાડગોળ મંડળીમાં સભાસદનું નામ રદ કરી દેવાયું

**મૃતક** શેરધારક પિતાના વારસાઈ હક્ક અને ડિવિડન્ડ બાબતે કરેલી અરજીઓનો મંડળી દ્વારા કોઈ જવાબ ન અપાયો

વલસાડ : વલસાડની ડૉ. કેશવભાઈ પટેલ નીરા-તાડગોળ મંડળીની કાર્યપ્રણાલી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. મંડળી દ્વારા શેરધારકને સભાસદ પદેથી નામ કમી કરી દેવા મામલે મૃતકના વારસદારે જિલ્લા રજિસ્ટ્રાર સમક્ષ લેખિત રજૂઆત કરી ન્યાયની માંગ કરી છે.

માલવણના આગળ ફળિયા ખાતે રહેતા અમૃતલાલ પટેલે રજિસ્ટ્રારને કરેલી અરજીમાં જણાવ્યું છે કે, તેમના પિતાજી સ્વ. દુર્લભભાઈ પટેલ મંડળીના શેરધારક હતા. જાણ કર્યા વિના મંડળી દ્વારા સભાસદ પદેથી તેમનું નામ રદ કરી દેવામાં આવ્યું હતું. આ અંગે પિતાની હયાતીમાં શેર વારસાઈ માટે અરજી કરવામાં આવી હતી. ત્યારબાદ પિતાના અવસાન પછી ફરીથી વારસાઈ નોંધ કરાવવા અરજી આપી પરંતુ મંડળી દ્વારા જવાબ આપવામાં આવ્યો નહોતો.

અરજદારના જણાવ્યા અનુસાર, તેમણે મંડળીના પ્રમુખ બાબુભાઈ પટેલનો ટેલિફોનિક સંપર્ક સાધીને અરજીના નિકાલ તથા બાકી નીકળતા ડિવિડન્ડની ચુકવણી બાબતે પૃચ્છા કરી હતી. તે સમયે પ્રમુખે નામ નીકળી ગયેલ છે, તેનું કંઈ થાય નહીં એવો ઉદ્ધતાઈભર્યો જવાબ આપ્યો હોવાનો આક્ષેપ અરજીમાં કરવામાં આવ્યો છે. વારસાઈ હક્ક અને શેર પર મળવાપાત્ર ડિવિડન્ડથી વંચિત રાખવામાં આવતા આખરે અરજદારે સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રાર સમક્ષ અરજીઓની નકલ, શેર સર્ટિફિકેટની વિગત તેમજ મરણના દાખલા સહિતના પુરાવા રજૂ કરી કાયદેસરની કાર્યવાહી કરવા અને પોતાનો હક્ક અપાવવા ભારપૂર્વક રજૂઆત કરી છે.

## વાપીમાં ઢોરોને રખડતા નહીં મૂકવા પશુપાલકોને તાકીદ

**માર્ગો** પર રખડતા પશુઓથી થતાં અકસ્માત નિવારવા તાકીદ કરવામાં આવી



### પશુ પાલકોને મનપાની ગાઈડલાઈન

» પશુઓની મનપામાં ફરજિયાત નોંધણી કરાવવી » પશુઓને જાહેર માર્ગો, ફૂટપાથ, બજાર વિસ્તારો તેમજ ખુલ્લા જાહેર સ્થળોએ રખડતા ન મૂકવા » પશુઓને યોગ્ય રીતે બાંધેલા અને નિયંત્રણમાં રાખવા, જેથી વાહનવ્યવહારને અડચણ ન પડે
» પશુઓની યોગ્ય સારસંભાળ, ખોરાક, પાણી તથા આરોગ્યની કાળજી રાખો » પશુઓના કારણે રાહદારીઓ તથા વાહનચાલકોને જોખમ ઊભું ન થાય તે માટે સાવચેતી રાખવી
» પશુઓની ઓળખ સરળતાથી થઈ શકે તે માટે નિયત ટેગિંગ જરૂરી

વાપી : વાપી શહેરમાં રસ્તાઓ પર રખડતા ઢોર અંગે ઉઠેલી ફરિયાદ બાદ કમિશનરે પશુ પાલકોની બેઠક બોલાવીને પશુઓને રખડતા નહીં મૂકવા તાકીદ કરી હતી. કમિશનર એન.એફ.ચૌધરીએ વાપીને સ્વચ્છ તેમજ ટ્રાફિક તથા અકસ્માતોથી સુરક્ષિત રાખવા માટે રસ્તાઓ પર રખડતા ઢોર ઉપર નિયંત્રણ કરવા માટે પશુ પાલકોની બેઠક બોલાવી મનપાના નિયમોનું પાલન કરવા માટે તાકીદ કરી હતી.

કમિશનર એન. એફ. ચૌધરીએ જણાવ્યું હતું કે, પશુ પાલકો પશુઓની જવાબદારીપૂર્વક સંભાળ રાખે અને માર્ગો પર રખડતા ન મૂકે તો અકસ્માતો, ટ્રાફિકની સમસ્યાઓ તથા જાહેર સ્વચ્છતાને લગતી અનેક સમસ્યાઓનું નિવારણ થઈ શકે છે.

બેઠક દરમિયાન પશુ પાલકો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અને સૂચનોને પણ ધ્યાને લેવામાં આવ્યા હતા. નિયમોનુસાર કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ તથા સેનેટરી ઇન્સ્પેક્ટર પણ ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રાવણના અંતિમ સોમવારે તડકેશ્વર મહાદેવમાં ભક્તોનું ઘોડાપૂર



■ વલસાડ : શ્રાવણના છેલ્લા સોમવારે વલસાડના શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા હતાં. નાના મોટા શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું. દક્ષિણ ગુજરાતના સુપ્રસિદ્ધ તડકેશ્વર મહાદેવ મંદિરમાં વહેલી સવારથી જ શિવભક્તોની લાંબી લાંબી કતારો જોવા મળી હતી.

## ભીલાડ હાઇવે પરથી ગાંજા સાથે ચાર ઝડપાયા

**વલસાડ** SOG પોલીસે વેગનઆર કારમાંથી ૯.૯૬૧ કિલોગ્રામ માદક પદાર્થ ગાંજા સાથે રૂપિયા ૫.૮૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો




ઉમરગામ : વલસાડ એસઓજી પોલીસે ભીલાડ તલવાડા હાઈવે પરથી માદક પદાર્થ ગાંજાનો 9.961 કિલોગ્રામ કિંમત રૂપિયા 4,98,050 ના જથ્થા સાથે ચાર શખ્સોને પકડી પાડ્યા હતા. જ્યારે બેને વોન્ટેડ જાહેર કર્યા છે.

વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાની સુચના મુજબ રવિવારે એસઓજી વલસાડ કેમ્પ વાપીની ટીમના પીઆઈ ડી ડી પરમાર તથા પીએસઆઈ વાય પી હડીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ભીલાડ તલવાડા હાઈવે પર વાહન ચેકિંગ કરી રહી હતી તે વખતે મુંબઈ તરફથી એક વેગેનઆર આવતા તેને રોકાવી તપાસ કરતા કારમાં ચાર વ્યક્તિઓ બેઠા હતા. તેમની પાસેથી થેલી બેગમાં ભરેલો કુલ 9.961 કિલોગ્રામ કિંમત રૂપિયા 4,98,050 નો ગાંજાનો જથ્થો મળી આવતા આ ચારેય ઈસમો મોહમદ મોમીન ઉર્ફે રેહાન મલિક (ઉ 29 રહે દાદરા નગર હવેલી) રાહુલસિંહ જગતસિંહ (ઉ 26 સેલવાસ) આલમ ઈશરાફીલ શાહ (ઉ 27 બિહાર) અને સંદીપકુમાર મુન્નુલાલ ગૌતમ (ઉ 26 ઉત્તર પ્રદેશ)ની અટક કરી કુલ રૂપિયા 5,83,050 ની મત્તાનો મુદ્દામાલ કબજે લીધો હતો. આ ચારેય ઈસમોને આ ગાંજાનો જથ્થો કોની પાસેથી લાવેલા અને કોને આપનાર હતા તે બાબતે પૂછપરછ કરતા ગાંજાનો જથ્થો સાહુભાઈ મેડકચલ (રહેવાસી ભુવનેશ્વર) પાસેથી સુરજ કુમાર બિંદ (રહે સેલવાસ)ના કહેવાથી લઈ આવેલા હોવાનું જણાવતા આ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા.




### પાણીના સંપમાં ક્લોરીન નાખતા વાસ મારતા વાલીઓમાં દોડધામ

## વાપીની શાળામાં ગેસ છૂટ્યાની શંકાથી અફરાતફરી મચી ગઈ

**શાળામાં** સવારે ગેસ જેવી અનુભૂતિ થતાં સુરક્ષાના ભાગરૂપે વિદ્યાર્થીઓને રજા આપી દેવાઈ

**મનપાની** ટીમ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરી પરિસ્થિતિને નિયંત્રણમાં લઈ લેવામાં આવી

વાપી : વાપી ટાંકી ફળિયા વિસ્તારમાં સોમવારે સવારે શાળામાં અચાનક ગેસ છૂટ્યો હોવાની અનુભૂતિ થતાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાને પગલે શાળા સંચાલકો દ્વારા તકેદારીના ભાગરૂપે વિદ્યાર્થીઓને રજા આપી દેવામાં આવતા વાલીઓમાં પણ દોડધામ મચી હતી.

મળતી માહિતી મુજબ, સોમવારે રાબેતા મુજબ ટાંકી ફળિયા સ્થિત શાળામાં વિદ્યાર્થીઓ સહિત સંચાલકો અને શિક્ષકો પહોંચ્યા હતા. દરમિયાન સવારે નવેક વાગ્યાના અરસામાં શાળામાં અચાનક ગેસ છૂટ્યો હોય તેવી અનુભૂતિ થવા પામી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને વિદ્યાર્થીઓની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી શાળા સંચાલકોએ તાત્કાલિક નિર્ણય લઈ અભ્યાસ કરતા બાળકોને રજા આપી દીધી હતી. આ વાતની જાણ થતાં જ વાલીઓ પણ ચિંતિત બન્યા હતા અને બાળકોને લેવા માટે શાળાએ દોડી આવ્યા હતા.

બીજી તરફ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવતા ગેસ લીકેજની કોઈ ઘટના નહીં, પરંતુ શાળાની પાછળ આવેલા પાણીના સંપમાં ક્લોરીન નાખવાની કામગીરી ચાલી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

વાપી મહાનગરપાલિકાની ટીમ દ્વારા પાણીની ટાંકીમાં ક્લોરીન નાખવામાં આવ્યું હતું. દરમિયાન ક્લોરીનની માત્રા વધી જતાં તેની અસરથી ગેસ જેવી ગંધ અથવા અનુભૂતિ થઈ હોવાની ચર્ચા શરૂ થઈ હતી.

જોકે, મનપાની ટીમ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરી પરિસ્થિતિને નિયંત્રણમાં લઈ લેવામાં આવી હતી. થોડા સમય બાદ વાતાવરણ સામાન્ય બન્યું હતું.

નોંધનીય છે કે શાળાની પાછળ જ પાણીની આ ટાંકી આવેલી હોવાથી ઘટનાને પગલે શાળા સંચાલકો અને વાલીઓમાં સ્વાભાવિક રીતે ચિંતા જોવા મળી હતી. ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ હોવાનું સામે આવ્યું નથી.

### વેચાણ અંગેની જાહેર નોટીશ

નીચે જણાવેલ વિગતની તથા વર્ણનવાળી ખેતીની ખેડખાતાની જમીનના સંયુક્ત માલિક (૧) હસીના તે નજીર અહમદ ચોથીયાની વિધવા (૨) શાહીદ નજીર અહમદ ચોથીયા બંને હાલ રહે : U.K, મૂળ રહેવાસી : કછોલી કોલોની ફળિયા, તા.ચોર્યાસી,જી.સુરત નાઓ વારસાઈ હકકથી/વહેંચણ માલીકો, કબજેદારો, ભોગવટેદારો, વહીવટદારો અને વપરાશદારો બનેલા-ચાલી આવેલા છે. તે બાબતે સદર જમીનના ગામ દફતરે નોંધ પણ થયેલ છે.

અનુક્રમ નંબર ૧ અને ૨ ના કાયદેસર કુલમુખત્યાર યુસુફ મહમદ ચોથીયા નોઓએ સદર જમીનના ટાઈટલ સંપુર્ણ કલીયર અને માર્કેટેબલ કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી તે જમીન નબોજી, નકરજી, ચોખ્ખું ચોખ્ખો માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, કબજો, ગીરો કે લીયન ઈત્યાદી હોય અગર તો સદરહુ જમીન ઉપર કોઈપણ બેંક, નાણાંકીય સંસ્થા ઈત્યાદીનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૦૭ માં અમારા અસીલ તર્ફે અમને લેખીતમાં ખબર આપવી અને તેવા હકની પુષ્ટિમાં જે કંઈ દસ્તાવેજી પુરાવાઓની નોટરી પબ્લિક પાસે પ્રમાણીત કરેલી નકલો અમારા અસીલ તરફે અમોને મોકલવી.મુદત વિત્યે કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો ચાલશે નહીં અને વાંધો કે હરકત કે હકક હોય તો જતો કરેલાનું માનવામાં આવશે. તેવી હકીકતમાં નકકી થયેલ શરતોનું પાલન કરી સદર જમીનોના રજીસ્ટર્ડ પાકોવેચાણ દસ્તાવેજ અમારા અસીલ કરાવી લેશે અને તેના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક પ્રત્યક્ષ કબ્જેદાર બનશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

:: મિલકતનું વર્ણન ::

તા. ચીખલી જી. નવસારી ના ગામ મોજે: રૂમલા ગામમાં આવેલ ખેડખાતાની જમીનોની વિગત

| ખાતાનંબર. | નવો બ્લોક નં | જુનો બ્લોકનં. | સત્તા પ્રકાર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧૦૭૫ | ૧૨૭ | ૧૧૭/૨ | બાગાયત | ૦-૧૨-૩૭ |
| ૧૦૭૫ | ૨૨૧૦ | ૧૧૭/૧ | જરાયત | ૧-૬૯-૭૪ |
| | | | બાગાયત | ૦-૫૨-૬૧ |
| | | | કુલ ક્ષેત્રફળ :- | ૨-૨૨-૩૫ |
| ૧૦૭૭ | ૨૨૨૫ | ૧૯૨૭ | ક્યારી | ૦-૭૨-૮૭ |

મારી મારફત- મનિષા એમ. ગુપ્તા - તે ખરીદનારના એડવોકેટ
ઓફીસ: વિજયનગર શોપિંગ સેન્ટર, સમરોલી, તા. ચીખલી, મો. નં.- ૮૭૮૦૬૩૧૧૧૮

### જાહેર નોટીસ કમ જાહેર ચેતવણી

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ ખેતીની જમીનમાં હમારા અસીલ **રાજેશભાઈ રમણભાઈ પટેલ, રહેવાસી: મુ. વાડા, નિશાળ ફળિયા, પો. ઈટાળવા, તા. જી. નવસારી** નાઓની નીચે જણાવેલ મુજબની ખેતીની જમીન વેચાણ હકકે લાગ-ભાગ, માલીકી હકક-હિસ્સો ચાલી આવેલ છે.

**શિડ્યુલ-એ: મીલકતનું વર્ણન**

મોજે: વાડા, તા. જી. નવસારી મુકામે આવેલ ખેડ ખાતાની સંયુક્ત માલીકીની ખેતીની જમીન હમારા અસીલના નામે સ્વતંત્ર કબજા ભોગવટા તથા માલીકી હકકે ચાલી આવેલ છે.

| ખાતા નં. | બ્લોક નંબર | હે-આરે-ચો.મી. | આકાર જુડી વિ. ધારો |
|---|---|---|---|
| ૨૯૩ | ૧૫ (જુનો ૧૪) | ૦-૦૫-૦૩ | ૨.૦૦ |

જે મીલકત હમારા અસીલે કોઈ વ્યક્તિ, સંસ્થા કે પેઢીને વેચાણ, બક્ષીસ, દાન કે ગીરો તરીકે આપેલ નથી કે સદર મીલકતને લગતાં તેવા કોઈ લખાણો કરેલ નથી તથા સદર મીલકત ઉપર કોઈપણ બેંક, પેઢી, સંસ્થા કે મંડળી કે શરાફી મંડળીને તારણમાં આપેલ કે મોર્ગેજ કરેલ નથી. જે સંપૂર્ણ ટાઈટલ કલીઅર વાળી ખેતીની જમીન હમારા અસીલના નામે છે. જે સબબ સદરહુ જમીન અંગે હરકોઈનો કોઈપણ જાતનો હકક, હિત, સબંધ, દર-દાવો, સાટાખત-બાનાખત, લીયન, ગણોત, ઈઝમેન્ટ કે ભરણ પોષણનાં હકકો હોય તો તે અંગેના દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની મુદતમાં લેખિત જાણ કરવી. જેમાં કસૂર થયે કોઈનો કોઈપણ પ્રકારનો સદરહુ જમીન અંગે કોઈ હકક, હિત, સંબંધ નહીં હોવાનું યા હોય તો છોડી દીધાનું ગણી મારા અસીલને ટાઈટલ કલીઅરનું સર્ટીફિકેટ આપી દેવામાં આવશે અને ભવિષ્યમાં હમારા અસીલ આ મીલકત તબદીલ કરવા માટે પણ મુક્ત થશે, ત્યારબાદ ભવિષ્યમાં તે અંગેની કોઈ તર-તકરાર ચાલશે નહીં. જેની સર્વેએ નોંધ લેવી.

નવસારી,
તા. ૦૭-૦૯-૨૦૨૬

હમારી મારફતે,
**સુરેશકુમાર જે. બારોટ** (એડવોકેટ)
એસ. એફ. ૩૨, સીટી સ્કવેર એપાર્ટમેન્ટ, લુન્સીકુઈ, નવસારી. મો.: ૯૯૦૪૫ ૬૩૦૪૦

